## વડીલોને વંદન
## અભિનંદન



અરવિંદાબેન એમ. શાહ
(૧૯૪૮) ૨૩૬૦૦૦૧૩

# છેલ્લા દશકમાં ૪૮૪ નવી સરકારી માધ્યમિક શાળાઓ તેમજ ૨૪૬ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કાર્યરત

### ઉત્તમ શિક્ષકોના ઘડતર માટે પ્રથમવાર રાજ્યમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન સંસ્થાનું નિર્માણ

ગાંધીનગર, તા. ૧૪

રાજય સરકાર શિક્ષણની ગુણવત્તા અને વ્યાપ વધારવા -વેશોત્સવ, કન્યા કેળવણી અને ગુણોત્સવ જેવા વિવિધ આયામોના અમલીકરણ થકી સતત -યત્નશીલ છે. બાળમંદિરથી શરૂ કરીને ઉચ્ચ શિક્ષણ માટેની શ્રેષ્ઠ-વિશ્વ વિખ્યાત શૈક્ષણિક સંસ્થાઓનું ગુજરાતમાં નિર્માણ થયું છે. ગ્રામ્ય વિસ્તારના બાળકો પણ શહેરી વિસ્તારના બાળકો જેવું ઉચ્ચ અને ટેકનોસેવી શિક્ષણ મેળવી શકે તે ઉદ્દેશથી -ાથમિકથી લઈને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં પણ કોમ્પ્યુટર, ઈન્ટરનેટની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવી છે. ગ્રામ્ય વિસ્તારના તેમજ અતિ પછાત વિસ્તારના બાળકોને સરળતાથી માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણની સુવિધા નજીકના અંતરે મળી રહે તે હેતુથી અંતરના ધોરણોમાં સુધારો કરવામાં આવેલ છે. જેમાં માધ્યમિક શાળાઓ માટે આદિજાતિ/ બિન આદિજાતિ વિસ્તાર માટે દર પાંચ કિ.મી. તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે દર ૭ કિ.મી.નો વિસ્તાર અને સામાન્ય માટે ૧૦ કિ.મી. વિસ્તાર નક્કી કરવામાં આવ્યો છે.

રાજયમાં ૨૦૦૩માં માત્ર ૧૬૦ સરકારી માધ્યમિક શાળાઓ હતી. જયારે છેલ્લા દસ વર્ષમાં માધ્યમિક શિક્ષણના વ્યાપમાં વધારો કરવાના -યત્નો થકી ૪૮૪ નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી. જેની સાથે ૨૦૧૩માં કુલ ૬૪૪ સરકારી માધ્યમિક શાળાઓ કાર્યરત છે. જયારે વર્ષ ૨૦૦૩માં રાજયમાં માત્ર ૭૬ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ હતી. જયારે છેલ્લા દશકમાં ૨૪૬ નવી સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી. જેની સાથે ૨૦૧૩માં કુલ ૩૨૨ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે.

રાજયના વિદ્યાર્થીઓને સંપૂર્ણ ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહે તેમજ શાળાનું સંચાલન નિપુણ આચાર્ય દ્વારા થાય તે હેતુથી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યોની ભરતી કરવા માટે અલગ ભરતી બોર્ડની રચના કરવાનો નિર્ણય કરેલ છે. આથી શિક્ષક-આચાર્ય બનવા માગતા ઉમેદવારોએઁ શિક્ષક અભિયોગ્યતા કસોટી (TAT) પરીક્ષા પાસ કરવાની રહેશે. TAT પાસ કર્યા બાદ મેરીટના આધારે નિમણૂંક આપવામાં આવે છે. જે અન્વયે રાજયની ૧૦૮૯ માધ્યમિક શાળાઓમાં આચાર્યોની જગ્યાઓ ભરવામાં આવી છે તેમજ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૪૯૮ શિક્ષકોની ભરતીની કાર્યવાહી ચાલી રહી છે.

શિક્ષણને ઉત્તેજન આપવાના હેતુથી ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજીનો લાભ મળી રહે તે માટે જે તાલુકામાં વિજ્ઞાન -વાહની શાળાઓ ન હતી તે તાલુકાઓમાં નવી શાળા શરૂ કરવામાં આવી, શૈક્ષણિક સવલતોમાં વધારો કરવાના ઉદ્દેશથી રાજયની સરકારી અને બિન સરકારી ૫૯૭૦ માધ્યમિક શાળાઓ અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ થાય તે માટે I.C.T. યોજના હેઠળ આવરી લેવાઈ છે. I.C.T. -ોજેક્ટ અંતર્ગત ધોરણ ૯ થી ૧૨ માટે વિષય વસ્તુ આધારીત ઈ-કન્ટેન્ટ પુરૂં પાડવામાં આવ્યું છે. હાલમાં વિદ્યાર્થીઓ www.gujaratschoolecontent.org વેબસાઈટ પરથી વિનામૂલ્યે શૈક્ષણિક માહિતી ડાઉનલોડ કરી શકે છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે -યોગશાળા સુવિધા માટે રાજયની ૧૧૯૧ શાળાઓની શાળાદીઠ રૂ. ૧ લાખની સહાય આપવામાં આવે છે. છેલ્લા બે વર્ષથી બાયસેગના માધ્યમથી બોર્ડની પરીક્ષા પહેલા પરિણામમાં સુધારા માટે ૧૦૦ કલાકનો વિદ્યાર્થીઓ માટે સાફલ્ય કાર્યક્રમ શ્રેષ્ઠ શિક્ષકો દ્વારા ચલાવવામાં આવે છે. ૨૦૧૨-૧૩ સુધીમાં રાજયના કુલ ૫,૦૨,૨૬૮ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોએ કર્મયોગી તાલીમ અંતર્ગત તાલીમ લીધેલી છે. રાજયમાં સ્ત્રી સાક્ષરતા વધારવાના હેતુથી કન્યાઓ ધોરણ-૮માં -વેશ મેળવે ત્યારે કન્યાદીઠ રૂ. ૨૦૦૦/-ના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે. ૨૦૧૨-૧૩ સુધીમાં ૭૮,૯૨૮ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડનો લાભ આપવામાં આવ્યો છે. ઓછી આવક જૂથના મા-બાપના બાળકોને વર્ષે એક પુસ્તક સેટ મફત આપવામાં આવે છે જેનો ૧૭,૭૫,૩૪૫ બાળકોએ લાભ લીધેલ છે.

રાજયના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે આશયથી રાજયમાં વિવિધ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરી છે. રાજયમાં ઉત્તામ, સંનિષ્ઠ અને ચારિત્રવાન શિક્ષકો તૈયાર કરવા -થમવાર ગાંધીનગર ખાતે ઈનડિયન ઈન્સટિયુટ ઓફ ટીચર્સ એજયુકેશન નામની સંસ્થાનું નિર્માણ કર્યુ છે. સમગ્ર વિશ્વમાં જ્ઞાન દ્વારા વિકાસની પરિસીમાઓ અંકાઈ રહી છે જ્ઞાન ક્ષેત્રોનું સંકલન, સહકાર અને સંયોજન કરવાની તાતી જરૂરિયાતના ભાગરૂપે ગુજરાતમાં નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત (K.C.G.) ની સ્થાપના કરવામાં આવી છે.

## ૧૪-જૂન વિશ્વ રક્તદાતા દિવસ

સર હેનરી ડુનાર્ટ દ્વારા ઈ.સ.૧૮૬૫માં રેડ ક્રોસ સંસ્થઆની સ્થાપના જીનીવા, સ્વિત્ઝર્લેન્ડ ખાતે કરવામાં આવી. ફેડરેશન ઓફ રેડ ક્રોસ સોસાયટી અને રેડ ક્રિસેન્ટ સોસાયટી ૧૮૨ દેશની સભ્ય સંખ્યા ધરાવે છે. દરેક રાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ/રાષ્ટ્રપ્રમુખ રેડ ક્રોસ સંસ્થાના હોદ્દેદારોની રૂએ પ્રમુખ હોય છે.

ભારતમાં ઈ.સ. ૧૯૨૦માં લોકસભામાં કાયદો પસાર કરી ભારતીય રેડ ક્રોસ સોસાયટીની સ્થાપના કરવામાં આવી. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદ જીલ્લા શાખાની સ્થાપના ઈ.સ. ૧૯૨૩માં કરવામાં આવી. જેના સૌ પ્રથમ ચેરમેન જે.એચ. ગેરટ અને સેક્રેટરી સર રાયબહાદુર રમણલાલ નીલકંઠ સાહેબ હતા. ઈ.સ. ૧૯૬૦માં ગુજરાત રાજયની સ્થાપના થતા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજય શાખાની સ્થઆપના કરવામાં આવી.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદ જીલ્લા દ્વારા ઈ.સ. ૧૯૬૩થી અમદાવાર અને સમગ્ર ગુજરાતમાં સ્વૈચ્છિક રક્તદાન પ્રચાર અને પ્રસારનું કાર્ય પુર જોશથી કરવામાં આવ્યું તે થકી આજે ગુજરાત ૮૪ % સ્વૈચ્છિક રક્તદાન આંકને પહોંચી શક્યું છે આપને જાણીને ખુબ આનંદ થશે કે સમગ્ર રાષ્ટ્રમાં વસ્તીની દષ્ટિએ રક્તદાતાનું પ્રમાણ ૦.૬૩ % છે, ત્યારે ગુજરાતમાં બમણું એટલે કે ૧.૨૧% અને અમદાવાદમાં પાંચ ગણું એટલે કે ૩.૩૩% છે.

અમદાવાદ રેડ ક્રોસ પ્રોગ્રામ એ સિવિલ હોસ્પિટલ અમદાવાદ, સિવિલ હોસ્પિટલ સોલા, સિવિલ હોસ્પિટલ ગાંધીનગર, વી.એસ. હોસ્પિટલ, શારદાબેન જનરલ હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, તથા કેન્સર હોસ્પિટલ, અને કીડની હોસ્પિટલ મળીને કુલ ૧૦ બ્લડ બેંકની એક ટીમ છે. જે થકી ગયા વર્ષ ૧,૧૦,૦૦૦ થી વધુ રક્તદાન એકત્રિત થયા છે, અને કોમ્પોનન્ટ સેપ્રેશનનાં કારણે આશરે ૨,૦૦,૦૦૦ થી વધુ દર્દીઓને લાભ આપવામાં આવ્યો છે.

ઉપરાંત રેડ ક્રોસ બ્લડ બેંક અમદાવાદ પાસે ગ્રામ્ય વિસ્તારમાં બ્લડ સ્ટોરેજ સેન્ટર ધોળકા, મોડાસા, વાત્રક, ઈડર, વડનગર, તેમજ કોર્પોરેટર સેકટરમાં મળીને ૭ સેન્ટર આવેલાં છે, જેથી ગામડાનાં અંતરિયાળ વિસ્તારમાં દાખલ થયેલા દર્દીઓને અમદાવાદ સુધી દોડીને આવવાનું ઓછું થયું છે.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા કવિ દુલા કાગ વિશે વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે જ્ઞાન વિજ્ઞાનની વિવિધ શાખાઓનો પરસ્પર તેમજ સમાજ સાથે અનુબંધ રચવાના ઉદ્દેશથી શ્રી ભદ્રંકર વિદ્યાદીપ જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી યોજાય છે.

વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત ૧૯મી જૂને સાંજે ૫ કલાકે કવિ દુલા કાગ વિશે વસંત ગઢવી વ્યાખ્યાન આપશે. શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહ, વિશ્વકોશ ભવન ખાતે યોજાનાર કાર્યક્રમમાં સહૃદય ભાવકો ઉપસ્થિત રહેશે.

## વિવેકાનંદ સંસ્કાર તપોવનનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૪



ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષામાં વિવેકાનંદ સંસ્કાર તપોવન સેક્ટર-૧૭, ગાંધીનગરનો વિદ્યાર્થી મિતુલ પટેલ ૯૧ ટકા સાથે શાળામાં પ્રથમ નંબરે પાસ થયો છે.

વિવેકાનંદ સંસ્કાર તપોવનના વિદ્યાર્થી મિતુલ પટેલે ધોરણ-૧૦માં ગાંધીનગર શહેરના ટોપર્સમાં નવમા નંબરે અને શાળામાં પ્રથમ નંબરે આવી પર્સન્ટાઈલ રેન્ક ૯૯.૬૭ લાવી શાળાનું ગૌરવ વધાર્યુંછે. શાળા પરિવારે ઉત્કૃષ્ઠ પરિણામ લાવવા બદલ વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા છે.


## પ્રાથમિક શિક્ષકો માટેની શિક્ષક યોગ્યતા કસોટી

ગાંધીનગર, તા. ૧૪

-ાથમિક શિક્ષકો માટેની શિક્ષક યોગ્યતા કસોટીમાં રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૬-૬-૨૦૧૩ના સુધારાની સૂચનાઓ આપવામાં આવી છે.

તદ્અનુસાર, ઉમેદવાર પોતાની લાયકાત મુજબના વિષયો ગણિત અને વિજ્ઞાન અથવા સામાજિક વિજ્ઞાન રાખી શકશે. ભાષાઓમાં અંગ્રેજી ૨૦ ગુણ, ગુજરાતી ૨૦ ગુણ, હિન્દી ૨૦ ગુણ અને સંસ્કૃત ૧૫ ગુણ રહેશે. જયારે સામાજિક વિજ્ઞાનમાં ઈતિહાસ, ભૂગોળ, નાગરિક શાસ્ત્ર, અર્થશાસ્ત્ર જેવા વિષયો રહેશે.

આ કસોટી માટે -યત્નોની સંખ્યા નિયત કરવામાં આવી નથી. ગમે તેટલા -યત્નો આ કસોટી આપવા માટે માન્ય રહેશે. ગુણાત્મક સુધારા અને સારા મેરીટ માટે એક કરતાં વધુ વખત પરીક્ષા આપી શકાશે. ઉમેદવાર ઈચ્છે તો શિક્ષક યોગ્યતા કસોટી -ાથમિક શિક્ષક/ ઉચ્ચ -ાથમિક શિક્ષક બંને માટે આપી શકશે. આ સુધારા નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ધ્યાને લઈને બહાર પાડવામાં આવ્યા છે.



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના ૧૧મા અભિયાનના આજે બીજા દિવસે જણાવ્યું હતું કે ગ્રામવિસ્તારમાં શિક્ષણ અને બાળકોના વિકાસ પ્રત્યે સમાજની ઉદાસિનતા દૂર કરવા માટે રાજ્ય સરકારે પૂરી તાકાત કામે લગાડી છે. આણંદ જિલ્લાના સોજિત્રા તાલુકાના દેવા-વાંટા, બાંટવા અને મેઘલપુરના ત્રણ અંતરિયાળ ગામોમાં ફરીને પ્રાથમિક શિક્ષણ માટે સમાજની સંવેદનાને ઢંઢોળવા મુખ્યમંત્રીશ્રીએ પ્રેરક આહ્‌વાન કર્યું હતું. ગ્રામજનોના ઉમંગ-ઉત્સાહના અભૂતપૂર્વ વાતાવરણમાં ત્રણેય ગામોની પ્રાથમિક શાળાઓમાં જઈને પ્રાથમિક શાળા અને આંગણવાડીમાં નવા બાળકોનો પ્રવેશવિધિ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંપન્ન કર્યો હતો. જનભાગીદારીથી બાળકોના આનંદ-કિલ્લોલ માટે રમકડાં, શૈક્ષણિક સાધનો, વિદ્યાલક્ષ્મી બોન્ડ, પુસ્તકો અને મિઠાઈનું વિતરણ તેમણે કર્યું હતું.

## આણંદ જિલ્લાનું ધો-૧૦નું પરિણામ ૭૫.૫૯ ટકા

ઉમરેઠ, તા.૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષાનું પરીણામ જાહેર થતા આનંદ જિલ્લાનું ૭૫.૫૯ ટકા પરીણામ આવ્યું હતું.

ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં આણંદ જિલ્લાના આણંદ પરીક્ષા કેન્દ્રનું ૬૬.૯૬, આંકલાવનું ૫૬.૪૩, ભાલેજનું ૮૮.૧૯, બોરસદનું ૭૨.૨૦, ખંભાતનું ૫૦.૪૫, નારનું ૬૫.૫૪, પેટલાદનું ૭૬.૫૦, સારસાનું ૮૩.૦૧, તારાપુરનું ૮૨.૫૩, ઉમરેઠનું ૮૨.૧૮, વલ્લભવિદ્યાનગરનું ૭૮.૮૯, ભાદરણનું ૭૨.૩૬, વાસદ ૭૯.૦૦, ચાંગાનું ૬૬.૬૦, કરમસદનું ૭૭.૪૪, મોગરનું ૯૦.૦૮, આસોદરનું ૭૯.૧૫, ઉદલનું ૭૩.૫૮ અને સોજીત્રાનું ૪૭.૬૦ ટકા પરિણામ આવ્યું હતું.

# મોદી જુલાઈમાં ઉત્તરપ્રદેશથી ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરશે : અમીત શાહના યુ.પી.માં ધામા

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ નરેન્દ્ર મોદી આગામી માસથી યુપીમાંથી ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરશે. મોદી માટે યુપીમાં લોકસભાની સલામત બેઠક માટે સર્વે હાથ ધરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ગોવા ખાતે તાજેતરમાં ભાજપની રાષ્ટ્રીય કારોબારી બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ભાજપની ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી. ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા બાદ હવે લોકસભા ચૂંટણી માટે સમગ્ર દેશમાં પ્રચાર માટેની જવાબદારી આવતાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ ઉત્તર પ્રદેશથી શરુ કરનાર હોવાનું જાણવા મળે છે.

મોદી ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરે તે પહેલા ભાજપ તરફી માહોલ ઉભો થાય અને ઉત્તર પ્રદેશની વર્તમાન રાજકીય પરિસ્થિતિનો તાગ મળી રહે તે માટે મોદીના ખાસ મનાતા અમીત શાહે ઉ.પ્ર.માં પડાવ નાંખ્યો છે આમ પણ અમીત શાહને યુપીની જવાબદારી સોંપવામાં આવી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નરેન્દ્ર મોદી આગામી માસમાં ઉત્તર પ્રદેશના પ્રવાસે જનાર છે અને ત્યાંથી જ એક રેલીને સંબોધીને ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ પણ યુ.પી.થી જ શરુ કરનાર છે. યુ.પી.થી ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરીને ચાર શહેરોમાં સભાઓ સંબોધનાર હોવાનું જાણવા મળે છે.

યુ.પી. બાદ બિહારથી ચૂંટણી પ્રચારનું બીજું ચરણ શરુ કરનાર હોવાનું જાણવા મળે છે. હાલ મોદી ગુજરાતમાં મુખ્યમંત્રી પદે ચાલુ રહીને સમગ્ર દેશમાં પરિભ્રમણ કરીને ચૂંટણી પ્રચાર કરશે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભાજપના વરીષ્ઠ નેતા અને પૂર્વ વડાપ્રધાન બાજપાઈ યુ.પી.ની જે લખનૌઉ બેઠક પરથી ચૂંટણી લડતા હતા તે જ લખનૌઉ બેઠક પરથી મોદી ચૂંટણી લડે તેવી શકયતા છે. જો કે લખનૌઉ ઉપરાંત યુ.પી.માં અન્ય કઈ બેઠક મોદી માટે સલામત છે તે અંગે ભાજપ દ્વારા સર્વે શરુ કરવામાં આવ્યો છે. લખનૌઉ, વારાણસી અને ઔરંગાબાદ સહીતની કુલ ચાર જેટલી બેઠકો પર સર્વે કરવામાં આવી રહ્યો છે અને તે પૈકી જે બેઠક સૌથી વધુ સલામત હશે તે બેઠક પર પસંદગી કરવામાં આવશે.

આગામી લોકસભા ચૂંટણીમાં ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ સફળતા પ્રાપ્ત કરવા માટે નરેન્દ્ર મોદી ભાજપના યુપીના નેતા કલ્યાણસિંહ સાથે હાથ મિલાવીને યુ.પી. અંગે ચૂંટણી વ્યુહરચના ઘડશે. કલ્યાણસિંહ યુ.પી.ના પૂર્વ મુખ્યમંત્રી હોવા ઉપરાંત યુપી ભાજપના એક વરિષ્ઠ અને કદાવર નેતા મનાઈ રહ્યા છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચૂંટણી પ્રચાર માટે નરેન્દ્ર મોદીના ચૂંટણી પ્રચાર માટેનો કાર્યક્રમ તૈયાર કરી દેવામાં આવ્યો હોવાનું પણ મનાઈ રહ્યું છે.

## શબ્દાવલી - ૫૦૮૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ■ | ૫ |
| ૬ | | | ■ | ૭ | | ૮ | |
| | ■ | ૯ | ૧૦ | | ■ | | ■ |
| ■ | ૧૧ | | | ■ | ૧૨ | | ■ |
| ૧૩ | | ■ | ■ | ૧૪ | | ■ | ૧૫ |
| | ■ | ૧૬ | | | | ■ | |
| ■ | ૧૭ | ■ | ■ | ૧૮ | | ■ | |
| ૧૯ | | | | | ■ | ૨૦ | |

### આડી ચાવી

૧. પ્રકાશિત કરવું તે (૪)
૬. ગળુ, કંઠ (૩)
૭. જરા નામની રાક્ષસીએ જે ને સાંધીને જીવનદાન આપ્યું તે (૪)
૯. કૈકેયીની દાસી (૩)
૧૧. કાદવકીચડ (૩)
૧૨. જયોતિષ (૨)
૧૩. સુદ અને ... (૨)
૧૪. વજન, બોજ (૨)
૧૬. આયુષ્ય (૪)
૧૮. ક્ષાર, પાણીથી વાસણ પર જામે (૨)
૧૯. મેન્ટલ હોસ્પિટલ (૫)
૨૦. બુદ્ધિ (૨)

### ઊભી ચાવી

૧. ચોકીદાર, ચોકીયાત (૩)
૨. આજ અને આવતી...(૨)
૩. જેની પર શંકા હોય તેવી વ્યક્તિ (૪)
૪. બ્લેન્ક, લખેલાના હોય તેવા કાગળ (૨)
૫. બ્લાઈન્ડ, સુરદાસ (૨)
૭. સ્હેજ, જરીક (૨)
૮. તૃપ્તિ, ધરવ (૩)
૧૦. દુકાનનો ગલ્લો (૨)
૧૧. વ્યાપ, માપ (૨)
૧૨. જોર, શક્તિવાળુ (૪)
૧૩. જંગલ (૨)
૧૪. ભાર વહન કરતી ટ્રેન-ગાડી (૪)
૧૫. અધોગતિ, ગતિ ન થવી (૪)
૧૭. અગ્નિ (૨)

### શબ્દાવલી ૫૦૮૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) સજાવટ (૪) નવાબ (૭) ગગન (૮) જુના (૯) ડોર (૧૧) તિખા (૧૩) ટપાલપેટી (૧૫) ગરબા (૧૬) અકબર (૧૮) તોર (૨૦) ગવુણ (૨૧) મહારાજ (૨૩) ગામતરૂ

**ઊભી ચાવી :-** (૧) લાખોપતિ (૨) જજ (૩) બજાર (૪) બેર (૫) કાણ (૮) ગજુ (૧૦) ઈનામ (૧૨) રંગત (૧૩) ગાપચી (૧૫) મગ (૧૭) સતનામ (૧૯) વાર્નીશ (૨૦) કોમીક (૨૨) યાર (૨૩) બીજ

## રાજ્યમાં પ્રથમ દિવસે ૧,૬૪,૭૧૬ બાળકોનું ધોરણ-૧માં નામાંકન

ગાંધીનગર, તા. ૧૪

લોક સહકારથી શાળાઓને અંદાજે રૂ. ૪,૪૮,૨૬,૧૦૧નું દાન -ાપ્ત થયું રાજયભરમાં શરૂ થયેલ -વેશોત્સવના -થમ દિવસે તમામ જિલ્લાઓમાં નવા નામાંકન થયેલ કુલ ૮૦,૫૮૦ કન્યાઓ તેમજ ૮૪,૧૩૬ કુમારો સહિત પાંચથી વધુ વયજૂથના કુલ ૧,૬૪,૭૧૬ બાળકોએ ધોરણ-૧માં ઉત્સાહ અને આનંદભેર -વેશ લીધો હતો. કન્યા કેળવણી મહોત્સવમાં લોક સહકારની ઉત્સાહભરી સામેલગીરીના પરિણામે સ્થાનિક નાગરિકો, જૂથો અને સંસ્થાઓ દ્વારા અંદાજે કુલ રૂ. ૪,૪૮,૨૬,૧૦૧ના દાન, રોકડ કે વસ્તુ સ્વરૂપે રાજયની શાળાઓને -ાપ્ત થયાં હતા.

સમગ્ર રાજયમાં ૧૩મી જૂનના રોજ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ તથા શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજયકક્ષાના શિક્ષણ મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીની ઉપસથિતિમાં કન્યા કેળવણી અને -વેશોત્સવનો આનંદ-ઉલ્લાસ સાથે ભવ્ય -ારંભ કરવામાં આવ્યો હતો. -ાથમિક શાળાઓમાં બાળકો ખાસ કરીને કન્યાઓના ૧૦૦ ટકા નામાંકન તથા સ્થાયીકરણ માટે સ્વ-સહાય જૂથો તેમજ એન.જી.ઓ. દ્વારા ઉત્સાહભર્યા -યાસો અને સહયોગ ગામેગામ જોવા મળ્યો હતો. નવનામાંકિત બાળકોને સ્થાનિક વ્યક્તિઓ અને સમુદાયો દ્વારા સ્કૂલ બેગ, પાટી-પેન, પાઠય પુસ્તકો, નોટબુક, પેનસિલ અને યુનિફોર્મ વગેરે ભેટ સ્વરૂપે પણ આપવામાં આવ્યા હતા. ઓછી મહિલા સાક્ષરતા ધરાવતા ગામોમાં ધોરણ-૧માં નામાંકન થયેલ કન્યાઓનો વિદ્યાલક્ષ્મી યોજના હેઠળ રૂ.૨૦૦૦/-ની કિંમતના નર્મદા બોન્ડ પણ આપવામાં આવ્યા હતા.

## પર્યાવરણ દિવસ નિમિત્તે જેડબલ્યુએ પક્ષીઓ પ્રત્યેના પ્રેમની લાગણીનું તાદર્શ ચિત્ર રજૂ કર્યું છે

જેડબલ્યુ લકઝરી લાઈફ સ્ટાઈલ રીટેઈલ ચેઈન સ્ટોર જે પુરૂષોની જીવનશૈલીનાં પોશાકોને ઊંડાણ અને વિસ્તૃત રીતે જાણે છે, તેમણે પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે પોતાના ૧૮ સ્ટોર પર મફતમાં રોપા આપી, ૫, જૂન, ૨૦૧૩નાં રોજ પર્યાવરણ દિવસની ઉજવણી કરી.

કંપનીએ દર વર્ષની જેમ આ વર્ષે પણ તેમની નવી અને અદ્વિતીય જાહેરખબર 'વધુ વૃક્ષ વાવો તથા પક્ષીઓ માટે પાણી રાખો' દ્વારા સૌનું ધ્યાન કેન્દ્રિય કર્યું છે. તેમણે એવું સરસ ચક્ષુગમ્ય કુતૂહલ પેદા કર્યું છે. જેમાં પક્ષીઓને તાર પર ડિસ્પ્લે કરીને વિશિષ્ટ રીતે સામાન્ય માણસને 'પર્યાવરણ બચાવો'નો સંદેશો આપવાનો પ્રયત્ન કર્યો છે. કંપનીની આ જ વિષય વસ્તુ, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ઈન્દોર અને હૈદરાબાદ જેવા શહેરોમાં પણ લોકોને આકર્ષિત કરી રહી છે.

## તોફાની વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ડાળો તુટી પડવાની ઘટનાઓ બની હોવાના અહેવાલો છે. કલોલમાં પણ ભારે પવન સાથે વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લામાં અગાઉ પ્રિ-મોન્સુન એક્ટીવીટી સક્રિય થતાં ગાંધીનગર તાલુકાના ફિરોઝપુર-વલાદ પંથકમાં નુકશાન થયું હતું જે ઉલ્લેખનીય છે. હજુ કળ વળી નથી ત્યાં આ બીજો તોફાની વરસાદ નોંધાયો છે.

આજે પવનની ગતિ ૫૦ કિ.મી.ની આસપાસ હોવાનું જાણકારોનું માનવું છે. જો કે મેઘરાજાનું આગમન ગાંધીનગર જિલ્લામાં તોફાની રહેવા પામ્યું છે.તંત્રને બે દિવસ પૂર્વે જ એલર્ટ મોડ પર મુકવામાં આવ્યું છે જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરના સે. ૨૪ના શ્રીનગર સોસાયટી વિસ્તારના નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જતાં ફાયરબ્રિગેડ અને કોર્પોરેશન તેમજ માર્ગ-મકાનની ટીમો કામે લાગી છે અને મોડી રાત્રે પાણીના નિકાલની કામગીરીમાં સફળતા મેળવી છે.

સે. ૨૪માં વરસાદી પાણી ભરાઈ જવાની ઘટના વારંવાર બને છે. દર વર્ષે શ્રીનગર વિસ્તારના ઘરોમાં પાણી ભરાઈ જતા હોય છે પણ તંત્ર દ્વારા અસરકારક પગલાં લેવાતા ન હોવાની રહીશોએ ફરિયાદ કરી હતી.

## ગણવેશ આપવો જોઈએ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૫ મિનિટ સુધી કોંગ્રેસના સભ્યોએ કરેલી રજુઆતો પર ચર્ચા વિચારણા ચાલી હતી. શહેરની ખાનગી શાળાઓમાં પ્રાયમરીની ફીમાં આડેધડ કરતા વધારાને લઈ પણ સભ્યોએ આજે રજુઆતો કરી હતી. આ ઉપરાંત શહેરી વિસ્તારમાં શાળાઓની સ્વચ્છતા જળવાય તે માટેનો આગ્રહ પણ કાઉન્સીલરોએ કર્યો હતો.

દરેક પ્રા. શાળામાં નીમકુંજ બનાવવા માટે ટ્રીગાર્ડ મુકવાની પણ હિમાયત આજે કાઉન્સીલરોએ કરી હતી. જેથી રખડતા ઢોરથી વૃક્ષને બચાવી શકાય.

તા. ૨૦, ૨૧ અને ૨૨ જુનના રોજ શાળા પ્રવેશોત્સવ અંગે કોઈ પક્ષાપક્ષી વિના શાળા પ્રવેશ માટે પોતાના વિસ્તારોમાં સર્વે કરી વધુમાં વધુ બાળકો શિક્ષિત બને અને તેઓ શિક્ષણ મેળવે અને શાળામાં પ્રવેશ મેળવે તે માટે સઘન ઝુંબેશ કરવા માટે મેયરશ્રીએ તથા મ્યુનિસિપલ કમિશનરશ્રીએ વિવિધ મુદ્દાઓ ઉપર પદાધિકારી અને કાઉન્સિલરશ્રીઓ સાથે સઘન ચર્ચાઓ કરી હતી.

આ પ્રસંગે સરકારી શાળાઓમાં જરૂરી સુવિધાઓ આપવા માટે સભાસદશ્રીઓ તેઓની ગ્રાંટમાંથી પોતાની વિસ્તારની શાળાઓમાં યોગ્ય કામે નાણા ફાળવે તે માટે પણ મેયરશ્રીએ સભાસદોને વિનંતી કરી હતી અને પોતાના વિસ્તારના નાગરીકો અને સેવાભાવી સજ્જનો અને સંસ્થાઓ તરફથી શાળાના બાળકોને સુખડી, નોટબુકો, ગણવેશ વિગેરેનું અનુદાન મળેલ તે માટે પ્રયત્નશીલ થવા અપીલ કરી હતી.

આ મીટીંગમાં મનુભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ, કાર્તિકભાઈ પટેલ, સુરેશભાઈ મહેતા, ગોવિંદભાઈ પરમાર, દેવેન્દ્રસિંહ ચાવડા, કોંગી સભાસદ શૈલેન્દ્રસિંહ બિહોલા, અશોકભાઈ શ્રીમાળી, હર્સજીતભાઈ પંડ્યા તથા મહિલા કાઉન્સિલરોમાં પ્રવિણાબેન કનુભાઈ દરજી, દર્શનાબેન અડાલજા, જાગૃતિબેન પુરોહિત, રમીલાબેન પરમાર, પરાગીબેન પંડ્યો પણ હાજરી આપી હતી.